# હવે, લગ્ન પ્રસંગમાં ૩૦૦ની મંજુરી

## રાત્રી કર્ફ્યુમાં પણ મોટો ઘટાડો કરવામાં આવ્યો : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિમાં કોરોના અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિમાં કોરોના અંગેના કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. રાજ્યમાં લગ્ન સમારોહમાં બંધ સ્થળોએ યોજાતા લગ્ન પ્રસંગ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં અને ખુલ્લામાં યોજાતા લગ્ન પ્રસંગ ૩૦૦ લોકોને આમંત્રિત કરી શકાશે. ૮ મહાનગરો સહિત ૨૭ શહેરોમાં તા.૧૧ ફેબ્રુઆરી સુધી રાત્રિ કરફયુનો અમલ રાત્રે ૧૦ થી સવારે ૬ સુધી રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણ સ્થિતીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યના નાગરીકોના વ્યાપક આરોગ્ય હિતમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે.

આ નિર્ણયો આવતીકાલે એટલે કે તા. ૪થી ફેબ્રુઆરી ૨૦૨૨થી અમલમાં આવશે. તા. ૧૧ મી ફેબ્રુઆરી ૨૦૨૨ના સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે. રાજ્યમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો અને મેળાવડાઓમાં વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે. બંધ સ્થળોએ યોજાતા આવા સમારોહમાં જગ્યાની ક્ષમતા ના ૫૦% પરંતુ વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની સંખ્યામાં યોજી શકાશે.

રાજ્યમાં લગ્ન સમારોહ માટે ખુલ્લી જગ્યામાં ૩૦૦ વ્યક્તિઓની મર્યાદામાં લગ્ન સમારોહ યોજી શકાશે. લગ્ન સમારોહ બંધ જગ્યાએ યોજાય ત્યારે જગ્યાની ક્ષમતાના ૫૦% પરંતુ વધુમાં વધુ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં યોજવાના રહેશે . કોર કમિટીમાં લેવાયેલા નિર્ણય મુજબ રાજ્યના ૮ મહાનગરો સહિત કુલ ૨૭ શહેરોમાં રાત્રિ કરફયુનો અમલ તા.૧૧ ફેબ્રુઆરી સુધી યથાવત રહેશે. હોટેલ્સ રેસ્ટોરન્ટસને હોમ ડીલીવરી સેવા ૨૪ કલાક ચાલુ રાખવાની છૂટ આપવામાં આવી છે. હાલ આઠ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર અને ગાંધીનગર મહાનગરોમાં રાત્રિ કરફયુ અમલમાં છે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત કોરોના સંક્રમણનો વધુ પોઝિટીવીટી રેશિયો ધરાવતાં ૧૯ નગરો આણંદ, નડિયાદ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, મોરબી, વાંકાનેર, ધોરાજી, ગોંડલ, જેતપુર, કાલાવડ, ગોધરા, વિજલપોર(નવસારી), નવસારી, બિલીમોરા, વ્યારા, વાપી, વલસાડ, ભરૂચ અને અંકલેશ્વરમાં પણ તા. ૪ થી ફેબ્રુઆરી ૨૦૨૨થી દરરોજ રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફયુનો અમલ કરાવવાનો નિર્ણય કર્યો છે.

રાત્રિ કરફયુની હાલની જે સમયાવધિ તા.૦૪-૨-૨૦૨૨ના સવારે ૬ વાગ્યે પૂર્ણ થાય છે તે લંબાવીને તા ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીની કરવામાં આવી છે. તદઅનુસાર, હવે ૮ મહાનગરો ઉપરાંત ૧૯ નગરોમાં તારીખ ૪થી ફેબ્રુઆરી થી દરરોજ રાત્રિના ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીના રાત્રિ કરફયુનો અમલ તા. ૧૧ ફેબ્રુઆરી સુધી કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણ નિયંત્રણ સંદર્ભે જારી કરવામાં આવેલી ગૃહ વિભાગની માર્ગદર્શિકાની અન્ય બાબતો આગામી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના સવારે ૦૬:૦૦ સુધી અમલમાં રહેશે. ભૂપેન્દ્ર પટેલે કોર કમિટિની બેઠકમાં કોરોનાની સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા મંત્રીઓ અને વરિષ્ઠ સચિવો સાથે હાથ ધરીને અન્ય પણ મહત્વના નિર્ણયો કર્યા છે. આ નિયંત્રણો ઉપરાંત અન્ય નિયંત્રણોના અમલ અંગેનું ગૃહ વિભાગનું જાહેરનામું આ સાથે સામેલ છે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ કોર કમિટીની બેઠકમાં મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, આરોગ્યમંત્રી ઋષિકેષ પટેલ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાશનાથન, મુખ્ય સચિવ પંકજકુમાર, ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમાર સહિત વરિષ્ઠ સચિવો પણ જોડાયા હતા.

# રાજ્યમાં ઘટતા કોરોનાના કેસ અને વધતો મૃત્યુદર

### ગુજરાતમાં કોરોનાનાં નવા કુલ ૭૬૦૬ કેસ નોંધાયા : કોરોનાનો રિકવરી રેટ પણ ૯૩.૭૫ ટકાએ પહોંચ્યો રાજ્યમાં ૩,૮૭,૬૪૫ રસીના ડોઝ આપવામાં આવ્યા

ગુજરાતમાં આજે કોરોનાનાં નવા ૭૬૦૬ નવા કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૧,૧૧,૩૯૪ દર્દીઓ રિકવર થયા હતા. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૩.૭૫ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૩,૮૭,૬૪૫ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૬૩૫૬૪ એક્ટિવ કેસ છે. જ્યારે ૨૬૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૧૧૧૩૯૪ નાગરિકો ડિસ્ચાર્જ થઇ ચુક્યાં છે. ૧૦૫૭૯ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. તો આજે કોરોનાને કારણે કુલ ૩૪ નાગરિકોનાં મોત થયા છે. ભાવનગરમાં ૧,પંચમહાલમાં ૧, વલસાડમાં ૧, જામનગર કોર્પોરેશન ૧, મોરબી ૧, ભાવનગર કોર્પોરેશન ૧, ભરૂચ ૩, ખેડા ૧, સુરત ૩, સુરત કોર્પોરેશન ૩, રાજકોટ કોર્પોરેશન ૨, ગાંધીનગર કોર્પોરેશન ૨, વડોદરા કોર્પોરેશન ૪ અને અમદાવાદ કોર્પોરેશન ૧૦ સહિત કુલ ૩૪ નાગરિકોનાં મોત થયા છે.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. હેલ્થકેરવર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૩૭ ને પ્રથમ, ૬૨૬ને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૪૯૬૪ને પ્રથમ અને ૧૫૧૮૫ને બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૩૭૧૮ને પ્રથમ અને ૮૪૦૭૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૨૫૫૯૧ ને પ્રથમ અને ૧૯૮૭૪૪ ને બીજો ડોઝ અપો હતો.



### ડસ્ટબીન તો સ્ટીલની આવી ગઇ પરંતુ કચરો ક્યાં નાંખવો તેની સૂઝ ક્યારે આવશે?

ગાંધીનગરમાં કેટલાંક વર્ષો અગાઉ વિવિધ મુખ્યમાર્ગો પર વાદળી અને લીલા રંગની પ્લાસ્ટિકની રૂપકડી ડસ્ટબીનો મુકવામાં આવી હતી જેમાં કેટલીક ડસ્ટબીનો તો તેની અંદર જ કચરો સળગાવવાની પ્રવૃત્તિને કારણે બળી જવા પામી હોવાના કિસ્સા પણ સર્જાયાં હતા. સમયાંતરે નષ્ટ થઈ ગયેલી આ રૂપકડી ડસ્ટબીનો બાદ ઘણા સમય સુધી ગાંધીનગરના માર્ગો પર ડસ્ટબિનનો અભાવ જોવા મળ્યો હતો પરંતુ હવે નવી "સ્ટીલ"ની ડસ્ટબીનો જોવા મળી રહી છે. જોકે હજુ આ ડસ્ટબીનોનું લોકાર્પણ કરવાનું તો બાકી છે પરંતુ તેને જોઈને પ્રતિત થાય છે કે શહેરને મજબૂત ડસ્ટબીનો કરતાં પણ કચરાના યોગ્ય નિકાલ અંગે લોક જાગૃતિની વધુ જરૂર જણાય છે કેમકે હજુ પણ નાગરિકો ડસ્ટબીન સુધી જવાની આળસમાં કચરો તો રસ્તા પર કે જાહેરમાં જ્યાં ત્યાં જ નાંખી દે છે.

# હવે, હેડ ક્લાર્કની પરીક્ષા ૨૦મી માર્ચે યોજાશે

### અગાઉ પેપર લીક થતાં રદ કરાઈ હતી : ગૌણ સેવા પસંદગી મંડળે આ વિષે પરિપત્ર બહાર પાડીને માહિતી આપી : પેપરનો સમય ૧૨ થી ૨ વાગ્યાનો રહેશે

ગાંધીનગર, તા.૩

રાજ્યના બહુચર્ચિત પેપર લીક કાંડ બાદ રદ થયેલી હેડ ક્લાર્ક ભરતીની પરીક્ષાની તારીખ જાહેર થઈ ગઈ છે. હવે હેડ ક્લાર્કની પરીક્ષા તારીખ ૨૦ માર્ચ, ૨૦૨૨ના રોજ લેવાશે. ગૌણ સેવા પસંદગી મંડળે આ વિષે પરિપત્ર બહાર પાડીને માહિતી આપી છે. હેડ ક્લાર્કની પરીક્ષાના પેપરનો સમય બપોરે ૧૨થી ૨ વાગ્યાનો રહેશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા હેડ ક્લાર્ક, વર્ગ-૩ સંવર્ગ માટેની સુધારા જાહેરાત અન્વયે પ્રથમ તબક્કાની સ્ઝ્ઝઊ-ર્સ્ઈ પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી તારીખ ૨૦ માર્ચ, ૨૦૨૨ રવિવારે બપોરે ૧૨થી ૨ વાગ્યા દરમિયાન યોજવા મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. હેડ ક્લાર્ક વર્ગ-૩ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કૉલલેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખ ૨૦ માર્ચ, ૨૦૨૨ના દસ દિવસ પહેલા મંડળની વેબસાઈટ પર મૂકવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઈટ https://gsssb. gujarat. gov.in/ જોતાં રહેવાનું જણાવાયું છે. અહીં નોંધનીય છે કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૨ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ લેવામાં આવેલી હેડ ક્લાર્કની પરીક્ષાનું પેપર ફૂટ્યું હતું. ત્યારબાદ ગૃહ રાજ્યમંત્રીએ પણ પેપરલીક થયું હોવાનો સ્વીકાર કર્યો હતો અને હર્ષ સંઘવીએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, પેપર લીક કાંડમાં તમામ આરોપીની ધરપકડ થઈ ગઈ છે. તેમજ વિદ્યાર્થીઓના હિતમાં હેડ ક્લાર્કની પરીક્ષા રદ કરવામાં આવે છે. આ પરીક્ષા માર્ચમાં ફરીથી લેવાશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, જો ગૌણ સેવા પસંદગી મંડળની ભૂલ હશે તો તેની સામે પણ પગલાં લેવામાં આવશે. ગમે તે અધિકારીની ભૂલ સામે આવશે તો તેની સામે પગલાં લેવામાં આવશે. ૮૮ હજાર ઉમેદવારોએ હેડ ક્લાર્કની પરીક્ષા આપી હતી, જેથી તેમના હિતમાં માર્ચ મહિનામાં ફરીવાર હેડ ક્લાર્કની પરીક્ષા લેવાશે. નવી પદ્ધતિથી પરીક્ષા લઈ શકાય તે માટે મુખ્યમંત્રી સાથે ચર્ચા કરાઈ છે. હવે એવી વ્યવસ્થા સાથે પરીક્ષા લેવાશે કે ગેરરીતિની કોઈ તક નહીં રહે. પેપર લેનારને એવી સજા કરાશે કે વર્ષો સુધી બહાર નહીં આવી શકે.

# ડોલરિયા પ્રદેશમાં ઝીરો ટકા વ્યાજે લોન મળે છે

### કેટલાય યુવાનોનું વિદેશ જવાનું સપનું થયું સાકાર : અત્યાર સુધીમાં કડીના એક ગામનું અનૌપચારિક ટ્રસ્ટ ૧૫ લોકોને ૨.૫૦ કરોડની મદદ કરી વિદેશ મોકલી ચૂક્યું છે

ગાંધીનગર,તા.૩

પોતાનો દેશ છોડીને વિદેશમાં જઈને નવેસરથી જિંદગી શરૂ કરવી સરળ નથી. એમાંય જો વિદેશ વસવાટનું સપનું પૂરું કરવામાં લોન લેવી પડે તો તે પ્રક્રિયા ભારરૂપ લાગે છે. જોકે, ગુજરાતનો વધુ એક પ્રદેશ છે જ્યાં કાયદેસર કે ગેરકાયદે વિદેશ સ્થાયી થવા માગતા લોકોને લાખો રૂપિયાની લોન ૦% વ્યાજે મળે છે. એટલું જ નહીં રૂપિયા પાછા આપવાની કોઈ ઉતાવળ નથી હોતી. લોન મેળવનારને ઈસ્ટેથી પણ રકમ ચૂકતે કરવાની કોઈ ફરજ નથી પડાતી તેમ છતાં તે વ્યક્તિ જેટલી લોન લીધી હોય તેનાથી બમણું સમાજને પાછું આપે છે. ગાંધીનગર જિલ્લાના કલોલનો ૨૧ વર્ષીય અંકિત પટેલ યુએસ જવા માગતો હતો પરંતુ તેની પાસે બેંકમાંથી લોન લેવા યોગ્ય દસ્તાવેજો નહોતા. જે બાદ તેણે એક સ્થાનિક ટ્રસ્ટનો સંપર્ક કર્યો હતો. આ ટ્રસ્ટે સમાજના લોકો પાસેથી રૂપિયા એકત્ર કરીને ઘણાં યુવાનોનું વિદેશ જઈને અભ્યાસ કરવાનું સપનું પૂરું કર્યું છે.

અંકિત માટે પણ આ જ પ્રકારે અઠવાડિયામાં રૂપિયા ભેગા થઈ ગયા અને તેનું અમેરિકા જવાનું સપનું સાકાર થયું. યુએસના પેન્સિલવેનિયામાં અંકિત સેટલ થઈ ગયો પછી તેણે ટ્રસ્ટ પાસેથી લીધેલી લોનની બમણી રકમ પાછી આપી હતી. ઉત્તર અને મધ્ય ગુજરાતના ડોલરિયો પ્રદેશ તરીકે ઓળખાતા વિસ્તારમાં આવા કેટલાય ટ્રસ્ટ છે જે યુવક-યુવતીઓને આર્થિક મદદ કરીને તેમનું વિદેશમાં વસવાનું સપનું પૂરું કરે છે.

સ્થાનિકોના કહેવા અનુસાર, આ બધા ટ્રસ્ટ અનૌપચારિક છે અને મુખ્યત્વે સ્થાનિક સમુદાયો દ્વારા ચલાવવામાં આવે છે. કલોલ તાલુકાના ડીંગુચામાં રહેતા ૪૨ વર્ષીય ભાવિન પટેલે કહ્યું કે, દરેક પરિવારમાંથી ઓછામાં ઓછું એક વ્યક્તિ યુએસ, કેનેડા કે ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલું છે. જોકે, આનો અર્થ એવો નથી કે દરેક પાસે પરિવારના સભ્યને વિદેશ મોકલવા માટે પૂરતા રૂપિયા હોય છે. અમારા ગામમાં એક ટ્રસ્ટ છે જે માત્ર લોકોને વિદેશ મોકલવા માટે રૂપિયા એકઠા કરે છે. ઉલ્લેખનીય છે કે, ડીંગુચા ગામ છેલ્લા થોડા દિવસથી ખાસ્સું ચર્ચામાં છે.

આ ગામના એક પરિવારના ચાર સભ્યો ગેરકાયદે રીતે અમેરિકામાં ઘૂસવાના હતા. કેનેડાની બોર્ડર ક્રોસ કરીને યુએસ પહોંચે તે પહેલા જ -૩૫ ડિગ્રી ઠંડીમાં થીજી જવાના લીધે તેમના મોત થયા હતા. સામાન્ય રીતે વિવિધ માધ્યમો દ્વારા ઈમિગ્રેશન માટે એક વ્યક્તિને ૧૦થી૧૫ લાખ રૂપિયાની જરૂર પડે છે. ગામનું ટ્રસ્ટ વિદેશ જવા માગતા પુરુષ કે મહિલાને શૂન્ય ટકા વ્યાજે લોન આપે છે. ઉપરાંત ઈએમઆઈની સિસ્ટમ પણ નથી. છતાં વિદેશમાં સેટલ થઈ ગયા પછી જે-તે મહિલા કે પુરુષ ટ્રસ્ટને સ્વૈચ્છિક રીતે લીધેલી રકમથી ઘણી વધુ રકમ પરત આપે છે, તેમ ભાવિન પટેલે જણાવ્યું. તેમના પરિવારના ચાર સભ્યો ટ્રસ્ટ પાસેથી મદદ મેળવીને યુએસમાં સ્થાયી થયેલા છે. કડીના એક ગામમાં રહેતા અરવિંદ પટેલ પણ આવું એક ટ્રસ્ટ ચલાવે છે. તેમણે છેલ્લા એક વર્ષમાં ઓછામાં ઓછા ૧૫ લોકોને ઈમિગ્રેશન માટે આર્થિક મદદ પૂરી પાડી છે. જ્યારે અમે જોયું કે લોકો આર્થિક સંકડાશને કારણે વિદેશ જવામાં મુશ્કેલી વેઠી રહ્યા છે ત્યારે અમે અનૌપચારિક ટ્રસ્ટ શરૂ કર્યું અને સમાજના લોકો પાસેથી ફાળો લીધો.

આ રૂપિયાનો ઉપયોગ વિદેશ જવા માગતા યુવાનો પાછળ કરવામાં આવે છે. એકવાર તેઓ ત્યાં સેટલ થઈ જાય પછી લીધેલી રકમ કરતાં ઘણી વધુ રકમ પરત આપે છે", તેમ અરવિંદ પટેલે જણાવ્યું. અત્યાર સુધી એવું નથી બન્યું કે, કોઈ વ્યક્તિએ રૂપિયા પાછા ના આપ્યા હોય, તેમ વ્યવસાયે ખેડૂત અરવિંદ પટેલે ઉમેર્યું. તેમણે આગળ કહ્યું, અમે યુએસ જનારા ૧૫ લોકોને કુલ ૨.૫૦ કરોડ રૂપિયા આપ્યા છે. તેમણે ઓછામાં ઓછી ૩ કરોડ જેટલી રકમ પરત કરી છે. અમે આ રકમનો ઉપયોગ વિદેશમાં સ્થાયી થવા માગતા યુવાનોના સપનાં પૂરા કરવા કરીશું.

# રાજયભરમાં જિલ્લા તાલુકા અને ફેમિલી કોર્ટના નિર્માણ માટે ૯૧ કરોડ મંજૂર : રાજેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગર, તા. ૩

કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યુ છે કે ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવાની પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે ત્યારે નાગરિકોને ઘરઆંગણે જ સસ્તો અને ઝડપી ન્યાય મળી રહે એ માટે ન્યાયતંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે મકકમ નિર્ધાર કરીને સમયબધ્ધ આયોજન કર્યુ છે જેના ભાગરૂપે રાજયભરમાં જિલ્લા તાલુકા અને ફેમિલી કોર્ટના નિર્માણ માટે રૂ.. ૯૧ કરોડની વહીવટી મંજૂરી રાજય સરકારે આપી છે.

કાયદામંત્રી ત્રિવેદીએ ઉમેર્યુ કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ભવિષ્યમાં અત્યાધુનિક અને દરેક સુવિધાથી સજ્જ જિલ્લા કોર્ટ, તાલુકા કોર્ટ અને ફેમીલી કોર્ટ બિલ્ડીંગનું નિર્માણ પામે તથા ન્યાયિક અધિકારીઓના રહેણાંકો માટે ક્વાર્ટર બની રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ ટૂંકા ગાળામાં રૂ. ૯૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

મંત્રી ત્રિવેદીએ ઉમેર્યુ કે રાજ્ય સરકારે સ્પીડી જસ્ટીશ ડિલિવરી સીસ્ટમ્સના મહત્વના પરિબળ એવા એટલે કે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટેની જરૂરિયાતોને અગ્રીમતા આપી છે. તેના ભાગરૂપે હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાના ન્યાયાલયના નવા કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે રૂ. ૬૦,૩૩,૫૦,૦૦૦ અને થરાદ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે રૂ. ૧૨,૩૩, ૫૦, ૦૦૦ મળી કુલ રૂ. ૭૨,૬૭, ૦૦,૦૦૦ની વહીવટી મંજૂરી આપી પ્રજાલક્ષી અભિગમ અપનાવ્યો છે. આ કોર્ટ બિલ્ડિંગ અત્ય આધુનિક સુવિધાઓથી સજ્જ થતા નાગરિકોની સુવિધાઓમાં વધારો થશે તથા તે જગ્યાએ કાર્યરત કર્મચારી/ અધિકારીઓની કાર્યક્ષમતામાં પણ વધારો થશે.



ગાંધીનગર મહાનગરપાલિકા સાથે સફાઈ કર્મીઓનો સંઘર્ષ કેમેય કરીને પૂર્ણ નથી થઈ રહ્યો. દરરોજ નીતનવા આશ્ચર્યજનક કાર્યક્રમો આપીને સફાઈ કર્મીઓ પોતાના પ્રશ્નો અને માંગણીઓ અંગે રજૂઆત કરી રહ્યા છે. પોતાની રજૂઆતો અંગે મહાનગરપાલિકાની કચેરી ખાતે પહોંચેલા સફાઈ કર્મીઓની અટકાયત કરવામાં આવી હતી.

# એક્સપ્રેસ હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં ડ્રાઈવરનું મોત

અમદાવાદ,તા.૩

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહીં ત્રિપલ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક ડ્રાયવરનું મોત થયું છે. જ્યારે ઈજાગ્રસ્ત લોકોને નડિયાદની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતને કારણે રસ્તા પર કલાકો સુધી ટ્રાફિક જામ થઈ ગયો હતો. પ્રાપ્ત વિગત અનુસાર રાત્રે ૯ કલાક આસપાસ નડિયાદથી અમદાવાદ એક ટ્રેલર આવી રહ્યું હતું, આ દરમિયાન રસ્તા પર ઉભેલા આઈસરની પાછળ ટ્રેલર ટકરાતા આ અકસ્માત થયો હતો. અકસ્માતને કારણે ટ્રેલરની કેબિનમાં રહેલો સિલિન્ડર બ્લાસ્ટ થતાં આગ લાગી હતી. આગને કારણે ડ્રાઈવર જીવતો સળગી ગયો હતો. આ દરમિયાન પાછળથી આવી રહેલા અન્ય ટ્રકના ડ્રાઈવરે અકસ્માતથી બચવાના પ્રયાસમાં સ્ટિયરિંગ પર કાબુ ગુમાવી દીધો હતો. તેનો ટ્રક રોડની બીજી તરફ પટકાયો હતો. જેના કારણે ઓઈલ રસ્તા પર ઢોળાયું હતું અને અકસ્માત થયો હતો.

## ઝીલવા સમર્થ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીનની બોર્ડર પર આપણે હજી યુધ્ધનુ ટ્રેલર જ જોઈ રહ્યા છે.ઈન્ફર્મેશન ટેકનોલોજીના આ યુગમાં યુધ્ધ સાઈબર સ્પેસ અને આઈટી નેટવર્ક થકી લડાઈ રહ્યું છે અને તેના આધાર પર જ ભવિષ્યના યુધ્ધનું મેદાન તૈયાર થશે.

એક ઓનલાઈન સેમિનારમાં તેમણે કહ્યુ હતુ કે, પાકિસ્તાન તેમજ ચીનના કારણે ઉભા થયેલા પડકારો વચ્ચે ભારત પોતાના વ્યૂહાત્મક લક્ષ્ય પ્રાપ્ત્ કરવા માટે પ્રયત્નો કરતું રહેશે. ભવિષ્યમાં મોટા યુધ્ધની શક્યતાનો પણ ઈનકાર કરી શકાય તેમ નથી. જેના કારણે બોર્ડર પર સુરક્ષાદળોને અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવા જરુરી છે.

સેના પ્રમુખે ચીન અને પાકિસ્તાનનુ નામ લીધા વગર કહ્યુ હતુ કે, પરમાણુ શક્તિથી સજ્જ પાડોશીઓ સાથે વિવાદિત સીમાઓ તથા પ્રોક્સી વોરને ધ્યાનમાં રાખીને ભારતીય સેના જે પણ સંસાંધનોની જરુરિયાત છે તેના પર કામ કરી રહી છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના યુગમાં સાઈબર સ્પેસનો ઉપયોગ પણ ષડયંત્ર રચવા માટે કરાઈ રહ્યો છે.

## ૩૦૦ને પાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે ૧૦ વર્ષ કે તેથી ઓછી વયના ૧૧ દર્દીઓ નોંધાયા છે. વાવોલમાં ૩ વર્ષનો દિકરો, પેથાપુરમાં ૧૪ મહિનાનો દિકરો, વાવોલમાં ૨ વર્ષનો દિકરો, સે. ૧ માં ૧ વર્ષની દિકરી, વાવોલમાં ૨ વર્ષનો દિકરો, કુડાસણમાં ૩ વર્ષની દિકરી, સરગાસણમાં ૯ વર્ષની દિકરી, સરગાસણમાં ૭ વર્ષની દિકરી, રાયસણમાં ૬ વર્ષનો દિકરો, સે. ૫ માં ૪ વર્ષનો દિકરો, સરગાસણમાં ૭ વર્ષની દિકરી સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે કેસો વધ્યા છે. શહેરના પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંકુલ આઈઆઈટી આ વખતની લ્હેરમાં કોરોનાના અજગરી ભરડામાં આવ્યુ હોવાથી શૈક્ષણિક જગતમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૬૨, રાયસણમાં ૧૩, વાવોલમાં ૩૩, કુડાસણમાં ૨૨, પાલજમાં ૨૫, પેથાપુરમાં ૧૧ અને આઈઆઈટીમાં ૧૯ કેસ નોંધાયા છે.આ ઉપરાંત ખોરજમાં ૩, રાંદેસણમાં ૭, ઝુંડાલમાં ૨, સુઘડમાં ૩, કોબામાં ૨, બોરીજ, કોલવડા, જીઈબી તેમજ ચરેડીમાંથી પણ ૧-૧ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર સહેરના સે. ૨ માં ૨૨, વીઆઈપી ગણાતા સે. ૧ માં ૧૨, સે. ૫ માં ૧૨, સે. ૩૦ માં ૧૧, સે. ૬ માં ૧૨ કેસ અને સે. ૧૯ માં ૭ કેસ નોંધાયા છે.

સે. ૨૬ અને સે. ૨૯ માં ૬-૬ કેસ, સે. ૧૨, ૧૪, ૨૨, ૨૭ માં ૫-૫ કેસ, સે. ૮ માં ૪ કેસ, સે. ૪ માં ૪ કેસ નોંધાયા છે. આ ઉપરાંત અન્ય સેક્ટરોમાંથી પણ છુટા છવાયા કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૩૬૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૭૫ ટકાએ પહોંચ્યો છે.શહેરમાં આજે ૨૧૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૨ હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક કરવા માટે તાકીદ કરી છે.

## ૧૭૧ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ વર્ષ કે તેથી ઓછી વયના ૬ દર્દીઓ નોંધાયા છે. જેમાં ઉનાવામાં ૧૦ વર્ષની દિકરી, ઉવારસદમાં ૫ વર્ષનો દિકરો, અડાલજમાં ૨ વર્ષનો દિકરો, કલોલમાં ૫ વર્ષનો દિકરો, પાલડીવ્યાસમાં ૯ વર્ષનો દિકરો, જામળામાં ૭ વર્ષનો દિકરો સંક્રમિતોની યાદીમાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસમાં ૩૦૦ થી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

દહેગામ શહેરમાંથી ૩, લવાડમાંથી ૨, સાંપામાંથી ૨, વાસણાચૌધરીમાંથી ૩ કેસ ઉપરાંત બહિયલ, ઝાલાનામુવાડા, કરોલી, સામેત્રી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં જલુંદમાંથી ૨, સાદરામાંથી ૪, જાખોરામાંથી ૩, ડભોડામાંથી ૨, મોટા ચિલોડામાંથી ૨, ચંદ્રાલા-છાલા, શાહપુરમાંથી ૪-૪ કેસ, ચિલોડા, ગિફ્ટીસીટી, મગોડીમાંથી ૨-૨ કેસ, રૂપાલમાંથી ૯ કેસ, વાસણામાંથી ૩ કેસ, ઉવારસદમાંથી ૬, વડોદરામાંથી ૩ કેસ ઉપરાંત સરઢવ, સીઆરપીએફ, મોતીપુરા, દશેલા, ગિયોડ, મહુન્દ્રા, મેદરામાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં બોરીસણામાંથી ૧૧, ડિંગુચામાંથી ૩-૩ કેસ મળી આવેલ છે. રાંચરડામાંથી ૨, ધમાસણામાંથી ૪, નારદીપુરમાંથી ૨, વડસરમાંથી ૨ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત જાસપુર, ખાત્રજ, મોટી ભોંયણ, ગોલથરા, વડાસ્વામી, કાંઠા, રકનપુર, ઓલા માંથી પણ કેસ મળી આવેલ છે.માણસામાં સોજા અને અમરાપુરમાંથી ૨-૨, વરસોડામાંથી ૩ કેસ તેમજ પાલડીવ્યાસ, ખરણા, માણસા શહેર, લિંબોદ્રા, જામળામાંથી પણ કેસ મળ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ કેસ તરીકે ૯૫૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૫૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## લગ્નવર્ધિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લગ્નવર્ધીની ડીમાન્ડ ઘટી ગઇ છે જેના લીધે તેમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ઉતરાયણ બાદ અત્યાર સુધી માંડ ૨૫ જેટલી જ બસોનુ લગ્નવર્ધિ માટે બુકીંગ થયુ છે. એસ ટી ડેપોને લગ્નવર્ધિ અન્વયે અત્યાર સુધીમાં માંડ ૧.૪૪ લાખ જેટલી આવક થઇ છે. લગ્ન માટે વસંતપંચમીનો દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. અલબત્ત આ દિવસે વિશેષ લગ્ન મહોત્સવનુ આયોજન કરવામાં આવે છે. શહેરમાં પણ સેકટરે સેકટરે લગ્નના મંડપની સજાવટ જોવા મળી રહી છે. આમછતા લગ્ન વર્ધિ અન્વયે એસ ટી ડેપોને માત્ર ૩ જ બસનુ બુકીંગ ડેપોને મળ્યુ છે. છેલ્લા કેટલાક સમયથી લગ્ન મહોત્સવના આયોજનમાં પરિવારજનો દ્વારા એસ ટી ની સલામત સવારીનો વિશેષ ઉપયોગ થઇ રહ્યો છે. એસ ટી બસ સેવા લગ્નવર્ધિ માટે સસ્તી અને સલામત પુરવાર થઇ છે. જેના લીધે નગરજનો પણ લગ્નવર્ધિમાં ખાનગી બસોનો નહીં પરંતુ એસ ટી સેવાનો વિશેષ ઉપયોગ કરે છે.